

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*નબળું નેતૃત્વ ખેડૂ પ્રશ્નો લટકાવી બેઠા છે,*
*હંમેશ ચૂંટણી પર ચક્ષુ ચીપકાવી બેઠા છે,*
*અટકાવી બેઠા છે સૌના સાથને, સૌના વિકાસ -*
*ધર્મોને સામસામે કુસંપે ભટકાવી બેઠા છે.*
*(ખેડૂત આંદોલનનો નિકાલ લાવો ! - હાઈકોર્ટ)*

હાઈકુ

*અરાજકતા*
*દેખાય છે સ્પષ્ટ*
*'પારદર્શક'*
*(મોંઘવારીનો માર)*

*ડિઝલ-ગેસ*
*મલાઈની મટકી*
*ફ્રોટો ગોવિંદ !*
*(કરવેડા - જીએસટી)*

### ચિંતન

**તદ્‌વિહીનં નારાણામિવ ॥**

**ઉપરોક્ત સૂત્ર ભક્તિસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**ભગવાનને ભગવાન જાણ્યા વિનાનો પ્રેમ જારકર્મ સમાન છે.**

**ભગવાનની દિવ્યતા સમજ્યા વિનાનો તેમના પ્રત્યેનો પ્રેમ તો એક સ્ત્રીના તેના ચાર પ્રત્યેના પ્રેમ જેવો છે. આવો પ્રેમ તો માણસ ગમે તેના પ્રત્યે વખતોવખત બદલતો રહે છે. ગોપીઓનો પ્રેમ ભગવાનના મહિનાના ગાનની ભરપૂર હતો. તે તો વિશુદ્ધ પ્રેમ હતો.**

**દિવ્ય પ્રેમ તો શુદ્ધ અને સાચો પ્રેમ છે. ઈશ્વર પ્રત્યેના પ્રેમ સિવાય બીજા બધા પ્રત્યેનો પ્રેમ અયોગ્ય છે. અશુદ્ધ સ્વાર્થપૂર્ણ પ્રેમ માણસના હૃદયને બે રંગી બનાવી મૂકે છે. ભક્તિ એ તો સુક્ષ્મ અને દિવ્ય ભાવ છે એ જીવને ઉન્નત બનાવે છે.**

**મનુષ્ય જયારે ઈશ્વરનો મહિમા સમજી જાય છે ત્યારે દુન્યવી ઈચ્છાઓ અને આસક્તિઓ એની મેળે ઓછી થઈ જાય છે અને માણસ ભગવાનનાં દર્શન કરવા આતુર બને છે.**

### સુવિચાર

- ધર્મના રસ્તે આત્મા 'પરમાત્મા' બનીને જ રહે છે - **આચાર્ય વિજય રત્નસુંદરજીસૂરી**
- 'એકાંત-અંધકાર અને અતિપરિચય' ખતરનાક ત્રિપુટી છે - **ડો. પ્રણવ પંડ્યા**
- તમારા હૃદયને પ્રેમ અને બ્રહ્માંડના જાદુ સમક્ષ ખુલ્લું મૂકી દેશો તો સમજાશે કે બધું જ શક્ય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રસન્નતા એટલે શું ? પ્રસન્નતા એટલે તોફાનમાંથી મુક્તિ મળે એ નહીં, પણ તોફાન વચ્ચે પણ જે શાંતિ અનુભવી શકાય એ - **ઈશિતા**
- ક્રોસ પરથી એટલે ઈસુ હજી છૂટ્યા નથી... માણસોના હાથમાં ખીલા હજી ખુટ્યા નથી - **એસ.એમ.એસ.**
- જબ હોંસલા બના લિયા ઊંચી ઉડાન કા....
  ફિર ફિઝુલ હૈ દેખના કદ આસમાન કા... - **હસરત જયપુરી**
- આજનું ઔષધ : જમ્યા પછી સવારસાંજ ચાની ચૂસ્કીની જેમ ગરમ પાણી પીવાથી ધીમે ધીમે શરીરની વધારાની ચરબી ઘટે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક અંગ્રેજી કાવ્યનો ભાવાનુવાદ કે જેમાં માતા પોતાના કિશોરવયનાં પુત્ર, પુત્રીને સુંદર પ્રાર્થના શીખવે છે. કવિતાનું શીર્ષક છે. 'સેવ મી' (મને બચાવો) માતા પોતાના બાળકોને કહે છે કે, 'રોજ ઈશ્વરનો આભાર માનતી પ્રાર્થના કરવી જોઈએ.' બાળકો કહે છે. 'મા, આપણને જે જોઈએ તે ભગવાન પાસે માંગીએ તો તેઓ આપે ને.' મા જવાબ આપે છે. 'ભગવાન હંમેશા આપતા જ રહે છે... આપણા માટે જે સારું હોયતે તેઓ આપણને યોગ્ય સમય આવ્યે આપશે જ.. માંગવાની જરૂર નથી.' બાળકો પૂછે છે, 'તો પ્રાર્થના શું કરવાની?' માતા કહે છે 'અમારા જીવનમાં ચિંતા, દુઃખ, ગુસ્સો ન આવે અને અમે સદા શાંતિથી જીવીએ એવી મારી પ્રાર્થના નથી, પણ હું ગુસ્સો અને ચિંતા આવે તેના પર વિજય મેળવી શકું એવી મારી પ્રાર્થના છે.' 'આગળ માતા સમજાવે છે કે, 'પ્રભુ લોકોની નિંદા જૂઠાણા પીઠ પાછળની ખરાબ વાતોથી મને બચાવજે તેવી મારી પ્રાર્થના નથી પણ જયારે મારી નિંદા શરુ થાય, ખરાબ વાતો ફેલાય ત્યારે હું તે પરિસ્થિતિનો સામનો અડગ રીતે કરી શકું એ મારી પ્રાર્થના છે.' માતાએ ફરી સમજાવતા કહ્યું કે, 'પ્રભુ તમે જીવન આપ્યું છે એટલે મારા જીવનનો બધો ભાર તું જ સંભાળી લે એવી પ્રાર્થના નથી, પણ હું જીવનનો ભાર બરાબર વહન કરી શકું તેવી મને શક્તિ આપજે તેવી મારી પ્રાર્થન છે, હે પ્રભુ મારા બધા સપના સાકાર તું કરે એવી મારી પ્રાર્થના નથી. પમ હું મંઝીલ પર પહોંચી શકું, બધાનાં સપના સાકાર કરી શકું તેવી મને તક અને હિંમત આપજે તેવી પ્રાર્થના છે.' છેલ્લે... 'હે ઈશ્વર હું તને માત્ર દુઃખના દિવસોમાં નહિં સુખના દિવસોમાં પણ સદા યાદ કરું અને તારી શક્તિ પર કયારેક શંકા ન કરું એવી મારી શ્રદ્ધા અખંડ રાખજે.'

# ધાર્મિક નગરોમાં દારૂ-માંસ પરનો પ્રતિબંધ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશના મહંત મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભગવાન કૃષ્ણના જીવન સાથે સંકળાયેલ મથુરા સહિતનાં સાત નગરોમાં દારૂ અને માંસની દુકાનો પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય કર્યો છે. વૈષ્ણવોની ધાર્મિક લાગણીને માન આપી રાજય સરકારે આ નિર્ણય લીધો છે અને એ ધંધાઓ સાથે સંકળાયેલા લોકોને વૈકલ્પિક વ્યવસાયોમાં પુનઃસ્થાપિત કરવાની પણ ખાતરી આપી છે. દારૂ વેચનારને દૂધ વેચતો કરી શકાય કે કેમ તે પ્રશ્ન છે. માંસાહારીઓની જરૂરિયાત પૂરી પાડતા કસાઈઓ મીઠાઈની દુકાનો સંભાળે તો એમનો ધંધો કેટલો ચાલે તે પણ વિચારણા માગી લેતી બાબત છે. પરંતુ યાત્રાળુઓ માટે ભગવાન કૃષ્ણની રમણસ્થળીમાં આ પાશવી અને હિંસક - લોહિયાળ ધંધા ચાલતા રહે તે પણ અત્યાર સુધી ન ગમે છતાં આંખ આડા કાન કરવા જેવી મજબૂરી હતી એની નોંધ લેવી જ રહી. અમૃતસરના સુવર્ણ મંદિરની આસપાસ આવા ધંધા રોજગાર પર પહેલાંથી પ્રતિબંધ છે. પરંતુ અમદાવાદના જગદીશ મંદિરથી વોકિંગ ડિસ્ટંસ પર જ જમાલપુરનું મોટું કતલખાનું વર્ષોથી ધમધમતું રહ્યું છે. ધાર્મિક ભાવનાનો આદર કરી પર્યુષણ અને જન્માષ્ટમી જેવા તહેવારો પર રાજય સરકાર કતલખાનાં બંધ રખાવવા આદેશ કરાવે છે તે જુદી વાત છે. પ્રાણી હિંસા એ કોઈ રુચિકર લાગે એવી બાબત નથી. ગુણવંત શાહ કહે છે એમ જો માંસાહારી વ્યક્તિ એક વાર કતલખાનામાં ક્રૂરતાપૂર્વક વધેરાતા પ્રાણીની મરણચીસો અને એની આંખોમાં છવાયેલો આતંક રૂબરૂ નિહાળે તો એને માંસાહાર તરફ જુગુપ્સા જાગશે. વનસ્પતિમાં પણ જીવ છે એ સાચું, પણ પ્રાણીઓને તો માણસ જેવાં જ અંગો છે, એવી જ સંવેદના છે અને એના લોહીનો રંગ પણ લાલ છે. યોગી આદિત્યનાથના અહિંસા પ્રેરિત નિર્ણયને કદાચ દેશની અદાલતો માન્ય નહીં રાખે પરંતુ બંધારણ કે અદાલતોથી ઉપર એક માનવીય અનુકંપા અને જીવદયામાં માનતી બહુમતીની લાગણી દુભાવાની બાબત પણ લક્ષમાં લેવાવી જોઈએ. રાજય બળજબરીપૂર્વક દારૂબંધી કે કતલખાનાં પર પ્રતિબંધ મૂકે એથી જે તે ધંધા રોજગાર સાથે સંકળાયેલા લોકોની આજીવિકાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. ધાર્મિક માન્યતા અનુસાર થતી જીવ હિંસા - પછી તે મુસલમાનોની બકરી ઈદ નિમિત્તે થતી હોય કે શક્તિપૂજકોની બલિપ્રથાની રૂએ ચાલતી હોય - એને અટકાવી શકાઈ નથી. સંત વિનોબાએ કોલકાત્તાના કાલી મંદિર આગળ સત્યાગ્રહ શરૂ કરેલો ત્યારે પંડાઓએ જ એમને પથ્થરમારો કરીને એ સમેટી લેવા મજબૂર કરેલા. ગુજરાતનાં સોલંકી યુગના મહારાજા કુમારપાળે કતલખાનાં પર પ્રતિબંધ લાદ્યો હતો. રાજયની થાકમાં એ પ્રતિબંધ અમલી બની શક્યો હતો અને દેશનાં અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત પ્રમાણમાં ઓછું માંસાહારી રહ્યું છે એનું કારણ પણ એ પરંપરા જ છે. જો કે વહેવારું દૃષ્ટિકોણ અપનાવી હિંદુ સંતો અને ગાંધી-વિનોબા જેવા લોકનાયકોએ પણ ગૌવધ પૂરતા જ પ્રતિબંધની વકીલાત કરી છે. ગાયને બચાવીને ભેંસને કપાવા દેવી એ પણ એક અન્યાયપૂર્ણ અભિગમ જ ગણાય. 'માનવી' જો ખરેખર 'માનવ' બને તો એ જીવ માત્રને જીવવાનો અધિકાર છે એવું સમજશે. જૈનધર્મ એ રીતે વિશ્વનો સર્વાધિક અહિંસક ધર્મ છે. યોગીજીનું પગલું રાજકીય ગણિતની રીતે જ મૂલવવામાં આવશે અને ઉત્તર પ્રદેશની આગામી ચૂંટણી વખતે મુસ્લિમોની તરફદારી કરતી સમાજવાદી પાર્ટી કે બિનસાંપ્રદાયિકતાનો ઠેકો લઈ બેઠેલી કોંગ્રેસ સામે અયોધ્યા જેવો જ આ મથુરા બ્રાન્ડ મુદ્દો ચગશે. પ્રજામાં સાચી સમજણ હોય તો તમામ ધર્મોના લોકોએ અને રાજકીય પક્ષોએ રાજય સરકારના આ નિર્ણયને આવકારવો જોઈએ. પ્રશ્ન એ વ્યવસાયો સાથે સંકળાયેલા સમુદાયની આજીવિકાનો છે. રહીમનો એક દોહરો યાદ આવે છે : 'દૂધ કલારી કર ગહે, મદ સમજે તબ તાહિં...' કલાલની સ્ત્રી દૂધ વેચવા નીકળશે તોય લોકો તો એમ જ) માનશે કે એ દારૂ વેચવા નીકળી છે !

# મકાનો તોડીને મંદિરો બનાવે છે અહીં માણસને મારીને ભગવાનને જીવાડે છે

'કયા બદનસીબ હું મૈં, ઘર તો તરસ રહા હૂં,
રહેતા તો હું વતન મેં, પર કૈદ મેં પડા હું...
- ઈકબાલ

●●●

એક જૂની વાર્તા... જે આપણે નાનપણમાં ભણ્યાં હતાં તે આજ લગી તો કાલ્પનિક જ લાગતી હતી...

બે સ્ત્રીઓ એક બાળક માટે ઝઘડતી હતી. એક સ્ત્રી કહે કે 'આ મારું બાળક છે.' બીજી એ ખૂબ આક્રમકતાથી ઘાંટો પાડીને કહેતી હતી, 'જા જા જુઠ્ઠી.' આ તો મારું બાળક છે. પહેલી સ્ત્રી રડતી ... કરગરતી કાકલૂંદી કરતી કહેતી, 'બેન, આ બાળક મારું છે એ મારી કૂખે જન્મ્યું છે!' બીજી સ્ત્રી પણ મોટેથી હકદાવે બોલ્યે જતી, અરે જા ! મેં એને જન્મ આપ્યો છે...' આખરે વાત ન્યાયાલયે પહોંચી.... એ સમયે આજની જેમ વિજ્ઞાન વિકસ્યું ન હોતું કે DNA ટેસ્ટ કરીને બાળક કોનું તે નક્કી કરી શકાય. ઘડીભર ન્યાયાધીશ પણ મૂંઝાયા કે ખરેખર આ બાળક કોનું હશે. આખરે એમણે જણાવ્યું કે આ બાળકના બે ભાગ કરો ને બંનેને એક એક ટૂકડો આપી દો. પછી જયાં સિપાઈ તલવાર લઈને બાળકના બે ટુકડા કરવા આગળ વધ્યો કે તરત જ પહેલી સ્ત્રીએ બૂમ પાડી, 'ઊભા રહો! આ બાળક મારું નનથી તમે પેલી બહેનને જ આ બાળક આપી દો!' આ સાંભળી હરખ પદૂડી થયેલી બીજી સ્ત્રી આ બાળકને ઉપાડવા ગઈ ત્યાં જ ન્યાયાધીશે એને અટકાવીને જેલમાં પૂરી દીધી ! ન્યાયાધીશે કહ્યું, 'તું એની ખરી મા હોઈ જ જ ના શકે, ખરી મા તો બાળકને જીવાડવા ગમે તે કરે -' એ બાળક મારું નથી.' એમ કહીને પણ એ એને જીવાડે !'

દોસ્તો, આ તો એક વાર્તા જ હતી પણ એને પણ ઝાંખી પાડી તેવી સત્ય ઘટનાઓ આજકાલ અફઘાનિસ્તાનમાં બની રહી છે. મા-બાપ પોતાની લાડકી દીકરીઓને સારું જીવન મળશે એ આશાએ એમને ગમે તે અજાણ્યા અમેરિકન લશ્કરના માણસ ને વસ્તુ માફક ઉછાળીને સોંપી દેતા દશ્ય ટીવીના પડદે નિહાળ્યાં!! મનમાં એક પ્રશ્ન મૂંઝવે છે; આજના આધુનિક વિશ્વમાં આટલી બર્બરતાને માણસો આટલા અસંસ્કૃત કેમ ?!



**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**

મિત્રો, માનવ સભ્યતાના આરંભે 'જીવો જીવસ્ય જીવનમ્' નો વિચાર સિદ્ધાંત તરીકે સ્વીકારાયો પરંતુ સભ્યતા વિકસતાં સહઅસ્તિત્વનો એટલે કે 'જીવો અને જીવવા દો' નો ખ્યાલ દૃઢ થયો. સમયની સાથે સભ્યતા વાસ્તવમાં સભ્યતા બની ત્યારે અનુભવાયું કે સહઅસ્તિત્વ પૂરતું નથી. એનાથી તો સ્વાર્થ પરાણતા જ વધશે. એથી આગળ વિચારતા થયા.... પોતે જીવો, અન્યને જીવવા દો અને બીજા પણ ગૌરવથી માનભેર જીવી શકે એ માટે સહાયભૂત થવું. સાચો માનવ તો એ જ ગણાય જે આત્મગૌરવ અને પરસન્માનની ભાવનાથી જીવે.

માણસની ઓળખ તો એ જ કે બીજા સાથે, અન્ય જીવો સાથે સહકાર, સદભાવ ને પ્રેમથી જીવે. મનુષ્ય તો અરસપરસનો સાથીને સહયોગી હોય, માત્ર 'સ્વ' નો નહીં 'સર્વોદય'નો વિચાર કરતો હોય એ જ સભ્યતાના વિકાસની પ્રક્રિયા છે. આ જ માનવતાનું પરમ મૂલ્ય છે.

આજથી પાંચ દાયકા પૂર્વે અફઘાનિસ્તાન 'મોર્ડન' ને શાંત દેશ ગણાતો ત્યાં પરદેશીઓ સહેલગાણે આવતા... મહાભારતમાં ગાંધાર નરેશની પુત્રી ગાંધારી અને ભાઈ શકુનિની વાતો આપણે જાણીએ છીએ.

અરે, આપણા દેશ પર ચઢાઈ કરવા આવેલા એલેકઝાન્ડર ધ ગ્રેટ જે ઈસુ પૂર્વેની ચોથી સદીમાં આવેલ અને અફઘાનિસ્તાનઓએ હંફાવેલો. અફઘાની પહાડીઓમાંથી નીકળવું ભારે પડ્યું. ત્યાંથી ખૈબરઘાટીઓમાંથી પંજાબમાં પોરસ સામે જીત્યો અને સિકંદર તરીકે ઓળખાયો. (સિકંદર એટલે કે ઉર્દૂમાં નિષ્ણાત, ખુબ જ હોંશિયાર) પોરસનું સૈન્ય મજબૂત હતું એમની પાસે હાથીઓ હતા. જેની સામે એકેલઝાન્ડર ઉર્ફે સિકંદરના સૈનિકો લડવા અસમર્થ હતા. તેઓથી પાછો વળ્યો ને આખરે રસ્તામાં જ મૃત્યુ પામ્યો. અફઘાનિસ્તાનનું આજનું ચિત્ર જોતા એવું લાગે છે કે વિજ્ઞાન અને ટેકનોલોજીની દોટ સાથે માણસ ઘણું બધું ગુમાવતો જાય છે. ધર્મ, ભાષા, પંથ, પ્રદેશ, પહેરવેશના હઠાગ્રહની બુઠ્ઠી માનસિકતા કોઈ પણ રાષ્ટ્ર માટે ઘાતક જ સાબિત થાય એ સંભાવના નકારી ન શકાય. એક ચિંતકે સાચે જ કહ્યું છે, 'મકાનો તોડીને મંદિરો બનાવે છે અહીં માણસને મારીને ભગવાનને જીવાડે છે.' સાચે જ એકવીસમી સદી વસમી સદી બની રહેશે તો ?!

માણસ નામની જાતિનું શું થશે ?! આ એંધાણ જ કંપાવી જાય છે !!!

સ્પર્શમણિ :

હું સ્વભાવે ચુસ્ત કોમવાદી માણસ છું. જયારે પણ તક મળે ત્યારે હું મારી કોમનું આંખ મીંચીને તાણવા લાગું છું. માણસ નામની કોમમાં મારો જન્મ થયો છે તેથી હું માણસ જાતનું હિત જોખમાય ત્યાં ઝઝૂનપૂર્વક અવાજ ઉઠાવું છું. માણસથી ચડિયાતા સત્યમાં મને ઝાઝો રસ નથી. માનવધર્મથી પર એવા કોઈ ધર્મમાં મને શ્રદ્ધા નથી. હું કટ્ટરપંથી છું. કારણ કે હું કટ્ટર માનવતાવાદી છું.

- ગુણવંત શાહ

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# કોરાના વોરિયર્સ તરીકે સન્માનાયેલા સેવકોની યાદીમાં શિક્ષકોને પણ માનસભર સામેલ કરવા જોઈએ



**અબીલ-ગુલાલ**
**મમતા રાવલ**

લગભગ બે વર્ષ જેવો સમય થયો. હવે શાળાઓ ધીમે-ધીમે ફરીવાર શરૂ થઇ રહી છે. એટલો લાંબો સમયગાળો વીત્યો છે કે બાળકો રૂબરૂ શાળાએ જવાનું ભૂલી જવા લાગ્યા હતા. હજુ પણ શાળા અને શિક્ષણની ગાડી પાટે ચઢતા સમય વીતશે એવું લાગી રહ્યું છે.

કોરાનાએ ઘણા સમીકરણો બદલ્યા એમ શિક્ષણમાં તો અઢળક પરિવર્તનો આવ્યા. એમાંથી ઘણા પરિવર્તનો આવકારદાયક ઠરવાની શક્યતા છે તો કેટલાક નુકશાન પણ કરાવશે. હજુ આ તમામ નિષ્કર્ષો માટે રાહ જોવી રહી.

કોરાના વોરિયર્સ તરીકે સન્માનાયેલા સેવકોની યાદીમાં શિક્ષકોને પણ માનભર સામેલ કરવા જોઇએ. જેમણે દરેક ઘરના ભાવિ નાગરિક એટલે વિદ્યાર્થીને શિક્ષણ સાથે જોડી રાખવા માટે અથાગ પરિશ્રમ કર્યો છે. કોઇને યશ ન આપવા ટેવાયેલી આ દુનિયા કહેશે કે એમણે ડ્યુટી કરી છે, એમાં શું નવાઇ !!! પરંતુ જે પણ લોકો ટીચર્સે કરેલી ડ્યુટીની માહિતી થી પરિચિત છે એ જાણે કે આ અકલ્પનીય સંકટના સમયમાં પણ ટીચર્સે એમને ફાળે આવેલી તમામ ચેલેન્જ ને ખૂબ નિષ્ઠાપૂર્વક સ્વીકારી અને પૂરી કરી છે.

ફી ના કે અન્ય અનેક મુદ્દે સ્કુલ સંચાલકો, વાલીઓ અને સરકાર ટકરાતા રહ્યા પરંતુ શિક્ષકોનું કાર્ય વિના રૂકાવટ ચાલતું જ રહ્યું. ટેકનોલોજી ના માધ્યમથી શિક્ષણ આપવાનો અનુભવ આજ દિન સુધી કોઇ શિક્ષક ને નહોતો. આ પડકાર કંઇ નાનોસૂનો નહોતો. પોતાના વિષયને બાળકોની સમજણમાં ઊતારવા માટે ઓનલાઇન ક્લાસીસે શિક્ષકોની ટેસ્ટ લઇ લીધી. અનેક પ્રકારની તૈયારી કરવી, પ્રેઝન્ટેશન્સ બનાવવા. શિક્ષકોનું કામ અનેકગણું વધી ગયું હતું. ટીચરે ચોવીસ કલાક વિદ્યાર્થીઓ માટે અવેલેબલ રહેવાનું થતું. પરીક્ષા ઓનલાઇન, પેપર ચેકીંગ પણ ઓનલાઇન આ બધી જ બાબતો રૂબરૂ શિક્ષણ આપવા ટેવાયેલા શિક્ષકો માટે સહજ કે સરળ નહોતી. વર્ગખંડમાં માત્ર વિદ્યાર્થી જ સામે હોતા હોય, જ્યારે ઓનલાઇન ક્લાસમાં પરિવારના સભ્યો પણ ક્લાસના સભ્યો બની જતા હોય ત્યારે શિક્ષકનું કામ વધારે ટફ બનતું હોય છે. વિદ્યાર્થી ભણવામાં રસ દાખવે, યોગ્ય રીતે ભણે, સમજે આવી બધી બાબતો ઓનલાઇન ભણાવતા સમયે પણ ધ્યાનમાં રાખવી એ જેવું તેવું કામ ન જ ગણાય.

સમગ્ર કોરોના સમય દરમ્યાન કેટલાક શિક્ષકો સાથે થતી વાતચીતમાં એમની તકલીફની વાતો જાણમાં આવતી રહેતી. આ ગાળામાં શિક્ષકો પ્રત્યેના માનમાં ઉમેરો થયો. શિક્ષકગણે ઊઠાવેલી જહેમત અને દાખવેલી ફરજ નિષ્ઠાને કારણે આજે કોઇપણ વિદ્યાર્થી ભણતરથી દૂર ગયો નથી. અનેક વિક્ષેપો, અંતરાયો, તકલીફો છતાં વત્તે ઓછે અંશે પણ શૈક્ષણિક કાર્ય ધબકતું રહી શકયું છે. એ સહુ શિક્ષકજનોની ફરજપરસ્તી ને આભારી છે. ૫ મી સપ્ટેમ્બર ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન જે આપેણ ટીચર્સ ડે તરીકે ઉજવીએ છીએ. આ દિવસ નિમિત્તે આ માધ્યમથી વંદનીય શિક્ષકગણ ને પ્રણામ પાઠવીએ.

સમાજ ઉપર શિક્ષકના અનેક ઉપકાર હંમેશા રહ્યા છે. સમાજ એમનો ઋણી હતો, છે અને રહેશે. આ વિરલ રીતે વિકટ સમયમાં શિક્ષણની ધૂરા દ્વારા સમાજની ધરીને સંભાળી રાખનાર શિક્ષકો સલામીના હક્કદાર છે. ચાણક્યનું પ્રચલિત વિધાન, " શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ " એ કોરોના કાળમાં સાબિત થઈ ચૂક્યું છે.

શિક્ષણ આજે ઉદ્યોગની કક્ષા સુધી પહોંચી ચૂક્યું છે. છતાં પણ શિક્ષકનું સન્માન અકબંધ છે. આ વ્યવસાયમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે બૌધ્ધિક અને માનસિક આદાન પ્રદાન હોય છે. અહીં લાગણી, રુચિ, રસ, સંવેદના, અહમ્ વગેરે બાબતો ઘનિષ્ઠ રીતે સંકળાયેલી હોય છે. આર્થિક માપદંડ વડે માપતાં શિક્ષકની આવક ઓછી ખરી પરંતુ આ વ્યવસાય આત્મસંતોષ, પ્રસન્નતા, કૃતજ્ઞતા જેવી અનેક કિંમતી લાગણીનો ભંડાર ગણાય છે. શિક્ષક એ ઈશ્વરનું માનવસ્વરૂપે પૃથ્વી ઉપરનું અવતરણ છે. એ વાત આજના સમયમાં પણ એટલી જ સત્ય છે. કેટલાક ખરાબ તત્વો ને કારણે સમગ્ર વ્યવસાય કે તમામ શિક્ષકોની માનહાની, એમના દરજ્જાને ઊતારવો આંકવો યોગ્ય નથી.

> **સમાજ ઉપર શિક્ષકના અનેક ઉપકાર હંમેશા રહ્યા છે સમાજ એમનો ઋણી હતો, છે અને રહેશે આ વિરલ રીતે વિકટ સમયમાં શિક્ષણની ધૂરા દ્વારા સમાજની ધરીને સંભાળી રાખનાર શિક્ષકો સલામીના હક્કદાર છેએ ચાણક્યનું પ્રચલિત વિધાન, " શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ " એ કોરોના કાળમાં સાબિત થઇ ચૂક્યું છે.**

કોઈપણ દેશની આબાદી અને પ્રગતિ તેની શિક્ષણ વ્યવસ્થા અને શિક્ષકોની સજ્જતા પર આધારિત છે. કેળવણીનું ભાવિ, શિક્ષકો અને તેમની ક્ષમતા, સૂઝબૂઝ અને સજ્જતા પર નિર્ભર છે. આવી અહમ્ ભૂમિકા જેને ફાળે છે એવા પ્રત્યેક શિક્ષકની પણ ફરજ છે કે તે પોતાનું આત્મનિરીક્ષણ કરી પોતાનો પરિચય મેળવે. પોતાના જ્ઞાન, સમજ, માહિતી, આવડક્ત, કૌશલ્ય અને વિવેકને વધુ સમૃધ્ધ અને અસરકારક બનાવે. સાચો શિક્ષક વિદ્યાપ્રેમી હોવા ઉપરાંત વિદ્યાર્થી-પ્રેમી પણ હોય છે. શિક્ષકની વિચાર સરણી આધુનિક હોવા સાથે વૈજ્ઞાનિક હોવી પણ જરૂરી છે. સુટેવો, સદાચાર, ચારિત્ર્ય તેમજ ઈન્ટીગ્રીટી જેવા સદગુણો પણ અપેક્ષિત અને આવશ્યક છે. ઉપસંહાર મુજબ કહીએ તો ઉત્સાહ, પ્રસન્નતા, ચિંતન, સર્જન અને ચેતના શિક્ષક તરીકેની યોગ્યતા નક્કી કરનારા લક્ષણો છે. તેજ રીતે નિરાશા, નિરુત્સાહ, લઘુતાગ્રંથિ, અભિમાન, અવ્યવસ્થા અને અનિયમિતતા શિક્ષકના વ્યવસાય ને નિષ્ફળ બનાવનારા છે.

વાલીઓ, વિદ્યાર્થીઓ અને સમાજની આ જવાબદારી છે કે પરિવર્તન ના આ યુગમાં શિક્ષણ તરીકે નો વ્યવસાય હંમેશા સન્માન પામે.

હેપ્પી ટીચર્સ જે ટુ ઓલ

# તમે તો પુખ્ત વયના થઈ ગયા પણ તમારા વિચારો પુખ્ત થયા કે નહીં?



**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**

માનવ શરીર એક ઉંમર સુધી રાત-દિવસ વધ્યા કરતું હોય છે. તમે કંઈ કરો કે ના કરો તમારું શરીર જેટલું વધવાનું હશે એટલું વધી જ જશે પણ...કર્મની કઠણાઈ એ છે કે એ વધેલા શરીર સાથે મગજ ફક્ત અને ફક્ત એના આકારમાં વૃધ્ધી પામે છે એમાં ઉત્તમ વિચાર તમારે જાતે ભરવા પડે છે.

સો માર્કસનો સવાલ - ઉત્તમ વિચાર લાવવા ક્યાંથી?

મોટા ભાગના લોકો કહેશે પુસ્તકો વાંચો એમાં નકરું જ્ઞાન ભર્યું છે પણ વાંચવાનો કંટાળો આવે તો શું કરવું એ કોઈ નહીં કહે! તમે જોજો રાતના મોડે સુધી જાગીને ફિલ્મ જોવાની હોય કે મિત્રો સાથે ચેટિંગ કરવાનું હોય તો ક્યારેય ઊંઘ એમાં બાધરૂપ નહીં બને, પણ જો વાંચવાનું આવ્યું તો? હાથમાં ચોપડી પકડી નથી કે પંદરમી મિનિટે ઊંઘ ચડી નથી! આવું બધા સાથે થતું હોય છે, વાચનના શોખીન જીવને પણ જો રસહીન પુસ્તક હાથ લાગ્યું તો થોડી જ વારમાં એ બગાસા ખાતો નજરે પડશે. કેટલાક હોશિયાર લોકો તો પુસ્તકનો ઊંઘવાની ગોળી તરીકે ઉપયોગ કરતાં હોય છે! મતલબ કે પુસ્તકો વાંચી વાંચીને માનવી સારો માણસ બની શકે એ આપણે જાણીએ છીએ પણ એને વાંચતો કેમ કરવો એ આપણે જાણતા નથી...

ભગવાન માણસને પૃથ્વી ઉપર મોકલે છે ત્યારે એને જોવાનું, સાંભળવાનું, બોલવાનું અને વિચારવાનું શીખવીને મોકલે છે, વાંચવાનું નથી શીખવતા! બધી ગરબડ ચાલુ જ અહીંયાથી થાય છે. આપણી આગળ જે આવી ગયા એ પણ સેમ આ જ શક્તિઓ સાથે જનમ્યા હતા, બરાબર? જનમ લીધા બાદ હવે ધરતી પર પગ મૂક્યો જ છે તો કાંક તો નવાજૂની કરવી પડશે એમ વિચારી એમણે એમની રીતે જે શોધખોળ કરી, એ જે કંઈ નવું શીખ્યા એને યાદ રાખવા માટે એમણે લખવાની શરૂઆત કરી. એમનું લખેલું પહેલા એ જ વાંચતા હતા પણ પછી એમના મનમાં ઈચ્છા થઈ કે મેં જે શોધ કરી તેની જાણ મારી પછીની પેઢીને પણ થવી જોઈએ અને એ માટે એમણે પુસ્તકો રચ્યા. જે વૈજ્ઞાનિક થઈ ગયા એમના સંતાનોએ એમના પુસ્તકો વાંચ્યા ન વાંચ્યા પણ આપણે પૂરી કાળજી લઈએ છીએ કે આપણા બાળકો એ બધુ વાંચે અને હોશિયાર બને. આ જ કારણ છે નવું જન્મેલું બાળક સહેજ મોટું થાય એવું તરત એને વાંચતું લખતું કરી દેવા સિવાય આપણને બીજો કોઈ વિચાર જ નથી આવતો...



એ નાનકડું બાળક જેને ભગવાને પોતે વાંચવાનું શીખવીને નથી મોકલ્યો એને વાંચતું કરવા આખી દુનિયા એની પાછળ લાગી જાય છે. એકવાર જેવું એ બાળકને વાંચતા આવડી જાય એટલે તરત એની ઉપર માહિતીનો વરસાદ વરસાવવામાં આવે છે...

ટેલિફોન કોણે શોધ્યો હતો, વીજળીનો બલ્બ કોણે બનાવ્યો હતો, પહેલી વાર આકાશમાં કોણ ઉડેલું, વનસ્પતિમાં જીવ છે એવું કોણે સાબિત કરેલું, શૂન્યની શોધ કોણે કરેલી, મહાભારત કોણે લખ્યું હતું, પેનિસિલીનની શોધ કોણે કરેલી, સૌર મંડળમાં કેટલા ગ્રહો છે, દુનિયાની સૌથી લાંબી નદી કઈ, સૌથી ઊંચો પર્વત કયો, સૌથી લાંબો દરિયા કિનારો ક્યાં આવ્યો, ડિઝનીલેન્ડ ક્યાં આવ્યું અને એની સ્થાપના કોણે કરી, ફરારી કઈ કંપની બનાવે છે? - શું થયું કંટાળી ગયા? આ તો હજી શરૂઆત છે! આપણે બાળક વાંચતું થાય ત્યારથી લઈને એ 'હવે જિંદગીમાં કોઈ દિવસ પુસ્તકને હાથ નહીં લગાડું' એવી પ્રતિજ્ઞા લઈ લે એની વચ્ચેના સમયગાળામાં આવા કેટલા સવાલોનો મારો ચલાવીએ છીએ!

આ દુનિયામાં આવેલ દરેક માણસ પાસે તક છે નવી શોધ કરવાની અને એ એવું કરવા ઈચ્છે છે છતાય નથી કરી શકતો! વિચારો કેમ? કેમ કે નવરો જ નથી પડતો, આગળ જે શોધાઈ ગયું છે એને યાદ રાખવામાં જ એની અડધી જિંદગી વ્યતીત થઈ જાય છે. ઉપર જે પણ સવાલો પૂછ્યા એમાંથી તમને કેટલાના જવાબ આવડ્યા અને જો કોઈક નો જવાબ ના આવડ્યો તો ફરક શું પડી ગયો?

જે શોધ વરસો પહેલા થઈ ચૂકી છે એને ફરીથી રટ્ટો મારીને યાદ કરવામાં જ આજની હોનહાર પેઢી નવી શોધ કરવામાંથી રહી જાય છે. તમે બાળપણમાં ઘડિયા કેવી રીતે ગોખેલા, યાદ છે? કેટલી વખત સાહેબે હાથમાં ડસ્ટર ફટકારેલું? એ ઘડિયા હજી યાદ છે તોય આપણે ગણતરી કરવા કેલ્ક્યુલેટર વાપરીએ છીએ એ હકીકત છે. ભૂગોળમાં કયો દેશ કયા ખૂણે આવેલો છે એ યાદ રાખવામાં આપણે ઘરનો રસ્તો ભૂલી જતાં આજે કોઈ જગ્યા ક્યાં આવી એ જાણવા માટે તરત ગૂગલ મેપમાં સર્ચ કરીએ છીએ...

દુનિયા બદલાઈ રહી છે, પુસ્તકોનું સ્થાન હવે કબાટમાં નહીં પણ કોમ્પ્યુટરમાં હોય છે, માહિતી યાદ નથી રખાતી પણ સેવ કરાય છે ત્યારે હાલની યુવા પેઢીને બને એટલી ઉત્સાહિત કરવાની જરૂર છે. હજી આ દુનિયામાં શુ ખૂટે છે, શું શોધવાનું બાકી છે કે માનવીને શેની જરૂર છે એ તરફ એમનું ધ્યાન દોરી એમને એ શોધ કરવા પ્રેરીત કરવાથી, એમનો જે તે વિષયમાં રસ જાગૃત થશે અને એકવાર જ્ઞાન મેળવવાની જરૂર ઊભી થયે એ આપોઆપ પુસ્તકો તરફ ખેંચાઈ આવશે!

**અમસ્તું,**

ગ્લાસમાં નવું પાણી ભરવું હોય તો સૌથી પહેલી જરૂરિયાત એ છે કે તે ખાલી હોય. ભરેલા ગ્લાસમાં પાણી રેડવાથી સમય, શક્તિ અને પાણી ત્રણેનો વ્યય જ થશે...

#NiyatiKapadia